Thursday
01.08.2024
✱Volume :9 ✱ Issue No.14
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્ Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
✱Managing Editor: Arjun Sondarva
✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કેરળના વાયનાડમાં ભૂસ્ખલનને કારણે સર્જાયેલી પરિસ્થિતિ પર લોકસભા અને રાજ્યસભામાં ચર્ચામાં ભાગ લીધો

સંકટની ઘડીમાં મોદી સરકાર કેરળની જનતા અને સરકાર સાથે ખડકની જેમ ઉભી છે :શ્રી અમિત શાહ

૨૦૧૪ પહેલા, ભારતમાં આપત્તિ માટે બચાવ-કેન્દ્રિત અભિગમ હતો, પરંતુ મોદી સરકાર હેઠળ, શૂન્ય જાનહાનિ અભિગમ સાથે કામ કરવામાં આવી રહ્યું છે

૨૬ જુલાઈના રોજ પણ કેરળ સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે ભારે વરસાદ અને ભૂસ્ખલનની સંભાવના છે, જેમાં લોકો પોતાનો જીવ ગુમાવી શકે છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અનેસહકારિતામંત્રી શ્રી અમિત શાહે કેરળના વાયનાડમાં ભૂસ્ખલનને કારણે સર્જાયેલી પરિસ્થિતિ અંગે લોકસભા અને રાજ્ય સભામાં ચર્ચામાં ભાગ લીધો હતો. લોકસભામાં ચર્ચામાંભાગ લેતા, શ્રી અમિતશાહે આ ઘટનામાં જીવ ગુમાવનારા અને ઘાયલ થયેલા તમામ લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીહતી. તેમણે કહ્યું કે આપત્તિના આ સમયમાં નરેન્દ્ર મોદી સરકાર કેરળનાલોકોઅને રાજ્ય સરકારની સાથે ખડકની જેમ ઉભી છે. શ્રી શાહે કહ્યું કે મોદી સરકાર દ્વારાબચાવ, રાહત અને પુનર્વસન માટે દરેક શક્ય મદદ અને પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા ભારતનો આપત્તિ પ્રત્યે બચાવ-કેન્દ્રિત અભિગમ હતો, પરંતુ ૨૦૧૪ પછી મોદીસરકાર હેઠળ, શૂન્ય જાનહાનિના અભિગમ સાથેકામ કરવામાંઆવી રહ્યું છે. તેમણે કહ્યું કે કેન્દ્ર દ્વારા મોકલવામાં આવેલીમાહિતીમુજબલોકોને સમયસર સુરક્ષિત સ્થળોએ પહોંચાડવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. શ્રી શાહેજણાવ્યું હતુંકે, ભારત સરકારે આ આપત્તિ દરમિયાનબચાવ કાર્યમાં કોઈ કસર છોડી નથી અને ખુદ પ્રધાનમંત્રી મોદીપોતે કંટ્રોલ રૂમમાંથી આઅંગે સતત માહિતી મેળવી રહ્યા છે. અગાઉ, રાજ્યસભામાં આજ વિષય પરની ચર્ચામાં ભાગ લેતી વખતે, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું હતું કે આપત્તિના ૭ દિવસ પહેલા ૨૩જુલાઈએ ભારત સરકાર દ્વારા કેરળ સરકારને આગોતરીચેતવણી આપવામાં આવી હતી. અને તેની બાદમાં ૨૪મી અને ૨૫મીએ પણ અર્લી વોર્નિંગ આપવામાંઆવી હતી.તેમણે કહ્યુંકે ૨૬ જુલાઈના રોજ કેરળ સરકારને જાણ કરવામાં આવી હતી કે ૨૦ સેમીથી વધુનો ભારે વરસાદ થશે અને ભૂસ્ખલનની સંભાવનાછે જેના કારણે જાનહાનિ થઈશકે છે.તેમણે કહ્યુંકે જો આરોપલગાવનારાઓએવહેલીચેતવણી વાંચી હોતતો આસ્થિતિ સર્જાઈ ન હોત.

આજે દેશના ઘણા રાજ્યો મોદી સરકારની અર્લી વોર્નિંગ સિસ્ટમ દ્વારા ઝીરો કેઝ્યુઅલ્ટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ કરી રહ્યા છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પોતે કેરળના વાયનાડમાં ચાલી રહેલી રાહત અને બચાવ કામગીરીની સતત માહિતી લઈ રહ્યા છે

ભારત સરકારે આ આપત્તિ દરમિયાન બચાવ કાર્યમાં કોઈ કસર છોડી નથી અને રાહત અને પુનર્વસન માટે દરેક શક્ય મદદ અને પ્રયાસ કરવામાં આવી રહ્યા છે

ભૂસ્ખલનની સંભાવનાને ધ્યાનમાં રાખીને, ૨૩ જુલાઈએ જ NDRF ની ૯ ટીમો કેરળ મોકલવામાં આવી હતી

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે દેશમાં ઘણી રાજ્ય સરકારો છે જેણે આ પ્રકારની પ્રારંભિક ચેતવણીનો ઉપયોગ કરીને ઝીરો કેઝ્યુઅલ્ટીડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્યું છે.તેમણે કહ્યુંકે ઓડિશામાં ૭ દિવસ પહેલા ચક્રવાતનું એલર્ટ મોકલવામાં આવ્યું હતું અને ત્યાં ભૂલથી માત્ર એક વ્યક્તિનો જીવ ગયો હતો. ગુજરાતમાં ૩ દિવસ પહેલા એલર્ટ મોકલવામાં આવ્યું હતુંઅને ત્યાંએક પણ પશુનું મૃત્યુ થયું નથી. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૪થીભારત સરકારે અર્લી વોર્નિંગ સિસ્ટમ પર ૨૦૦૦ કરોડરૂપિયા ખર્ચ્યા છે અને તે વહેચાયેલ છે. તેમણે કહ્યું કે તમામ રાજ્યોને૭ દિવસપહેલા માહિતી મોકલવામાં આવે છે અને તે માહિતી વેબસાઈટ પર દરેક માટે ઉપલબ્ધ છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે વરસાદ, હીટવેવ, તોફાન, ચક્રવાત અને વીજળી વિશે માહિતીઆપવા માટે અર્લી વોર્નિંગ સિસ્ટમ કાર્યરત છે. તેમણે કહ્યું કે જો વિપક્ષ પાસે અર્લી વોર્નિંગ સિસ્ટમ વિશે માહિતીનો અભાવ હોય તો તે ખોટું છે, પરંતુ જો તેમની પાસે માહિતીહોય અને રાજકારણ કરી રહ્યાહોય તો તે દુઃખદ છે. તેમણે કહ્યું કે ઘણા રાજ્યોએ તેનો ઉપયોગ કર્યો છે અને તેનાપરિણામો પણ મળ્યા છે. શ્રી અમિતશાહે જણાવ્યું હતું કે, તેમની મંજૂરીથી, ૨૩જુલાઈના રોજ, ભારત સરકાર દ્વારા 9 NDRF ટીમોને વિમાન દ્વારા કેરળ ત્યાં ભૂસ્ખલનના કિસ્સામાંમોકલવામાં આવીહતી. તેમણે પૂછ્યુંકે કેરળસરકારે ત્યાંરહેતા નબળા લોકોને કેમ શિફ્ટ ન કર્યા કારણ કે જો તેમને શિફ્ટ કરવામાં આવ્યા હોત તો આટલા લોકોએજીવ નાગુમાવ્યા હોત. કેન્દ્રીય ગૃહઅને સહકારિતામંત્રીએ કહ્યું કે શ્રીનરેન્દ્ર મોદી૨૦૧૪માં પ્રધાનમંત્રી બન્યા પછી ભારતમાં વિશ્વની સૌથી આધુનિક પૂર્વ ચેતવણી પ્રણાલી સ્થાપિત કરવામાટે કામ કરવામાંઆવ્યુંછે. તેમણે કહ્યું કેભારત એચાર દેશોમાંસામેલ છે જે ૭ દિવસ પહેલા આ પ્રકારની દુર્ઘટનાની આગાહી કરે છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે SDRF હેઠળ, કોઈપણ રાજ્ય પોતાની રીતે ૧૦ ટકા રકમ બહાર પાડી શકે છે અને ભારત સરકારની માર્ગદર્શિકાને અનુસરીને કોઈપણ મંજૂરી વિના ૧૦૦ ટકા રકમ બહાર પાડી શકે છે. તેમણે કહ્યું કે ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન પશ્ચિમ બંગાળ માટે ૬,૨૪૪ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૪,૬૧૯ કરોડરૂપિયા રિલીઝ કરવામાં આવ્યાછે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુંકે ૭ દિવસપહેલા વહેલીચેતવણી આપવામાં આવી હતી અને NDRF ની ૯ બટાલિયન ૨૩ જુલાઈએ મોકલવામાં આવી હતીઅને ગઈકાલે ૩ બટાલિયન મોકલવામાં આવી હતી. તેમણે કહ્યું કે આસમય કેરળસરકાર અને તેના લોકો સાથે ઉભા રહેવાનો છે. શ્રી શાહે પુનરોચ્ચાર કર્યોકે નરેન્દ્ર મોદી સરકાર સંકટની આ ઘડીમાં કેરળના લોકો અને સરકારની સાથે ખડકની જેમ ઊભી રહેશે.

• આજે ભારતમાં વિશ્વની સૌથી આધુનિક અર્લી વોર્નિંગ સિસ્ટમ છે
• કેરળ સરકારને ૨૩ જુલાઇથી આપવામાં આવી અર્લી વોર્નિંગ
• જો આરોપી લગાવનારાઓએ અર્લી વોર્નિંગ વાંચી હોત તો આ સ્થિતિ સર્જાઈ ન હોત
• વરસાદ, હિટવેવ, તોફાન, વીજળી સહિત ચક્રવાત માટે અર્લી વોર્નિંગ સિસ્ટમ પણ ઉપલબ્ધ છે

જો વિપક્ષ પાસે અર્લી વોર્નિંગ સિસ્ટમ વિશે માહિતીનો અભાવ હોય તો તે ખોટું છે, પરંતુ જો તેમની પાસે માહિતી હોય અને રાજકારણ કરતા હોય તો તે દુઃખદ છે

‘સખી સંવાદ’ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સ્વ-સહાય જૂથની બહેનો સાથે હૃદયસ્પર્શી સંવાદના મુખ્ય અંશો

સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ ભોજનનો સ્વાદ માણી બહેનોને પ્રોત્સાહિત કરતા મુખ્યમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

(૧) શ્રી સંતુબેન પરમાર :શ્રી સખી બચત મંડળ-રૂપાલ(જિલ્લા-ગાંધીનગર)

સખીસંવાદ’માં મુખ્યમંત્રીશ્રી સાથે વાતકરતા શ્રીસંતુબેન પરમારે કહ્યું હતું કે, તેઓનું બચત મંડળ ગોટાનો તાજો લોટ તૈયાર કરીને તેનો વ્યવસાયિક રીતેમોટાપાયેવેચાણ કરે છે. આસિવાય તેમના સખી મંડળની બહેનો દ્વારા પોલીટેકનીક-ગાંધીનગર ખાતેની કેન્ટીન ચલાવવામાં આવે છે. જેમાં અલગ અલગ પ્રકારના તાજા નાસ્તા સિવાય માત્ર રૂ. ૫૦માં વિદ્યાર્થીઓને ફિક્સ ડીસ પીરસવામાં આવે છે. આ વિવિધ પ્રકલ્પો દ્વારા તેઓનું સખી મંડળ વાર્ષિક રૂ. ૧ કરોડની કમાણી કરે છે. તેમણે મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરતા જણાવ્યું હતું કે, આજના મહાત્મા મદિર ખાતેના સખી સંવાદ કાર્યક્રમમાં ભોજન પણ તેમની સખી મંડળની બહેનોના દ્વારા બનાવવામાં આવ્યુંછે. આજનાભોજન માટેશ્રી સંતુબેને મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોને ભોજન માટે આમંત્રણ આપ્યું હતું જેનોમુખ્યમંત્રીશ્રીએ સહર્ષસ્વીકાર કરીનેતેમની સાથેમહાત્મા મંદિરમાં ભોજનનો સ્વાદ માણીને સખી મંડળ બહેનોની પ્રોત્સાહિત કરી હતી.

(૨) શ્રી ભૂમિકાબેનબીરારી: અંબિકા સખી મંડળ-ડંગ

ગાંધીનગર ખાતે આયોજિત “સખી સંવાદ” કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલેરાજ્યની કેટલીક સખી મંડળનીબહેનો સાથેસંવાદ કર્યો હતો. આદરમિયાન ડાંગજિલ્લાના અંબિકાસખી મંડળના શ્રીભૂમિકાબેન બીરારીએ મુખ્યમંત્રીશ્રી સાથે સંવાદ કરતા કહ્યું હતું કે, તેઓનું સખી મંડળ ડાંગ જિલ્લાના દેશી કઠોળ અને નાગલીમાંથી ચકરી, પાપડી, બિસ્કીટ, સેવજેવી વિવિધવસ્તુઓ બનાવેછે. ભરપૂર માત્રામાં કેલ્શિયમ ધરાવતા નાગલીમાંથીબનેલી વસ્તુઓઉપરાંત પ્રાકૃતિક પદ્ધતિથી પકવેલા હળદરનુંવેચાણ કરીનેઅંબિકા સખીમંડળ વાર્ષિક રૂ. ૨૫લાખથી વધુની આવક મેળવીરહ્યુંછે. મુખ્યમંત્રીશ્રીએ વેચાણઅંગે કરેલાપ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રી ભૂમિકાબેનેજણાવ્યુંહતુંકે, અંબિકાસખી મંડળના તમામ ઉત્પાદનોનું વેચાણ તેઓ ડાંગના સાપુતારા મેઈન રોડ ખાતે સ્થિત તેમના એકમાત્ર આઉટલેટ-અંબિકા હળદર ફાર્મ ખાતેથી કરે છે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીઅને મુખ્ય સચિવ શ્રી રાજકુમારે તેમના અંબિકા હળદર ફાર્મની મુલાકાત લીધી હતી, તેમ જણાવી શ્રી ભૂમીકાબેને મુખ્યમંત્રીશ્રીને પણ તેમની ડાંગ મુલાકાત દરમિયાન અંબિકા હળદર ફાર્મની મુલાકાત લેવાઆમંત્રણ આપ્યું હતું.

(૩) શ્રી કલ્પનાબેન:શ્રી ગણેશ સખીમંડળ-મઘવાસ, (કાલોલ-પંચમહાલ)

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલે મહાત્મા મદિર ખાતે સ્વ-સહાય જૂથના શ્રી કલ્પનાબેન સાથે તેમના સખી મંડળની કામગીરી-વ્યવસાય વિશે સંવાદ કર્યો હતો. જેમાં કાલોલના મઘવાસના શ્રી કલ્પનાબેને કહ્યું હતું કે, તેઓ રાજ્ય સરકારની સ્વ-સહાય જૂથ યોજનાના માધ્યમથી શ્રી ગણેશ મહિલા સખી મંડળ ચલાવે છે. જેમાં આજુબાજુની આઠ આંગણવાડીમાંભૂલકાઓ માટે ગરમ ગરમ સુખડી તૈયાર કરીને પહોંચાડે છે. આ દ્વારાતેઓના મંડળને વાર્ષિક રૂ. ૧૫ લાખ જેટલી આવક થાય છે. આ વિતરણ બદલ ચેક દ્વારા તેમના સખી મંડળના ખાતામાં રકમ જમા કરવામાં આવેછે.તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજનાનોવધુલાભ લઈને અમેગુજરાત લાઈવલીહૂડ કંપનીના સહયોગથી હજીબીજી વધારે આંગણવાડીઓ સુધી સુખડી પહોંચાડવામાંગીએ છીએ જેથીસ્વ-સહાય જૂથનીબહેનોની આવકવધે-વધુ આર્થિક પગભર બનીને વધુ સારૂ જીવન જીવી શકે. આવી મહિલાઓને આત્મનિર્ભર બનાવતી યોજના બદલ તેમને સખી મંડળ વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

(૪) ગીતાબેન સોલંકી : શ્રી બહુચર સખી મંડળ (સરસવણી-મહેમદાવાદ)

સખી સંવાદમાં સહભાગી થતા ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના સરસવણીગામના શ્રી બહુચર સખીમંડળ સ્વ-સહાય જૂથના સખી શ્રી ગીતાબેન સોલંકીએ જણાવ્યું હતું કે, તેઓ મિશન મંગલમના ગુજરાત લાઈવલીહૂડપ્રમોશન કંપનીનીમદદથી સ્વ-સહાય જૂથ ચલાવી રહ્યાંછે.

તેઓ હસ્તકલાનીમદદથી ભેટ અને સુશોભનમાંવપરાતા તોરણો, ટોપલા, ઝુમ્મર વગેરે જેવી અનેક વસ્તુઓબનાવેછે. આવસ્તુઓને તેઓ ગુજરાતના વિવિધ લોકમેળાઓમાં આ ઉપરાંત તેઓ ખાદી ગ્રામ ઉદ્યોગ મેળા, સરસ મેળામાંપણ વેચાણ કરે છે. તેઓ પંજાબ, ઓડીશા, આસામ જેવારાજ્યોમાં જઈનેપણ પ્રદર્શન કરી વેચાણ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, તેમના આ સ્વ-સહાય જૂથને પ્રદર્શન માટે ઓડીશાના મુખ્યમંત્રીશ્રી, આસામના પૂર્વ મુખ્યમંત્રી શ્રી તરૂણ ગોગોઈના હસ્તે એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. ગીતાબેન ગુજરાતનાવિવિધ સાતજિલ્લાઓમાં ટ્રેનર તરીકે અન્ય મહિલાઓને તોરણ બનાવવાની તાલીમ આપે છે. આમ તેઓ અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનાવીસમાજમાં ઉમદાઉદાહરણ પુરું પાડી રહ્યાં છે.

તંત્રી સ્થાનેથી......

૧૦૮ના કર્મીઓની સમયસરની સેવાના કારણેઅત્યાર સુધીમાં ગંભીર પરિસ્થિતિના ૧૫.૩૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવાનું કાર્ય પણ થયું. ૧.૪૨ લાખથી વધુ મહિલાઓને સુખરૂપ પ્રસૂતિ પણ કરાવી હાલમાં અંદાજે ૪૦૦૦ હજારથી વધુ ૧૦૮ના કર્મીઓ સેવા આપી રહ્યાછે રોજના અંદાજે ૭૦૦૦થી ૭૫૦૦ જેટલા કોલ્સ લેવામાં આવે છે મોતના મુખમાંધકેલાઈ ગયેલા માણસને ફરી નવજીવન આપતી સંજીવની કદાચ માનવજાતિએ નથી જોઈ, પરંતુ આજના સમયમાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ સંજીવની કરતાલગીરેય ઊણીઊતરે એવીનથી. શહેર હોય કે ગામ, રાતહોય કે દિન, ટાઢ હોય કે તડકો આ સેવા શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં અગણિત લોકોને નવજીવન આપીચૂકી છે. અસંખ્ય લોકોના દુઃખી ચહેરા પર જીવન આશાનુંકિરણ રેલાવીચૂકી છે અને હજુય અહર્નિશપણે એ જ માનવ સેવા દાયિત્વ નિભાવી રહી છે. છેલ્લા ૨૯ દિવસથી રાજ્યભરમાંપડી રહેલાભારે વરસાદની વચ્ચે પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ઊડીને આંખે વળગે એવી કામગીરી જોવા મળી રહી છે. છેલ્લા ૨૯ દિવસમાં જ ૧ લાખ ૧૪ હજાર થી વધુ દર્દીઓ માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દેવદૂત સાબિત થઈ છે. ૧૦૮ના સ્ટાફે કર્તવ્યનિષ્ઠા એવી ઉત્તમ રીતે નિભાવી છે કે આજે પણ ગુજરાતના કોઈ પણ ખૂણે આરોગ્યની મુસીબતની પળોમાંથી પસાર થઈ રહેલા લોકોને સંકટની ઘડીએ જ્યારે ઘરના આંગણે તાબડતોડ ૧૦૮ આવીને ઊભી રહે છે ત્યારે રાહતનો અહેસાસ થાય છે અને દિલમાંથી શબ્દો નીકળે છે કે હાશ! ૧૦૮ આવી ગઈ, હવે વાંધો નહી આવે. ગુજરાતમાં આકસ્મિક પરિસ્થિતિમાં જીવાદોરી સમાન ૧૦૮ની સેવાથી રાજ્યના તમામ નાગરિકો વાકેફ છે. અકસ્માત, કુદરતીકે કૃત્રિમ આફતોવખતે માનવ જીવોના સંરક્ષણ માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ખૂબ ઝડપી અને સંજીવની સમાન મનાય છે. ગુજરાતમાં ૨૦૦૭માંતત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એમ્બ્યુલન્સ સેવાશરૂ કરી હતી. આ ૧૦૮ની નિઃશુલ્ક સેવા આજે રાજ્યમાં આપાતકાલિન સ્થિતિમાંસંજીવની સમાન ગણાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત છે. આ ઉપરાંત બે બોટ એમ્બ્યુલન્સ અનેએક એરએમ્બ્યુલન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦૮ જીવીકેઈએમઆરઆઈના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હાલના સમયમાં સમગ્ર રાજ્યના તમામ ૨૫૭ તાલુકા, ૧૮ હજાર જેટલાં ગામો, ૩૩ જિલ્લાઓઅને મહાનગરોસહિત તમામજગ્યાએ આ ૧૦૮ની સેવાનું માળખું ફેલાયેલુ છે. ગણતરીની મિનિટમાં ઘટનાસ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત, બીમાર કે ભોગ બનનાર વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રાથમિક સારવાર પૂરી પાડવાનું કામ કરે છે. સગર્ભાઓને પ્રસૂતિ દરમિયાન ઝડપી ઘર સુધી પહોંચી મહિલાને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું અને તેને પીડાવિહીન પ્રસૂતિ કરાવવામાં આ ૧૦૮ની સેવા ખૂબ મદદરૂપ બની છે. રાજ્યમાં ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા શરૂ થયાથી આજ સુધીમાં ૧.૬૨ કરોડથી વધુ લોકોએ આ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાનો લાભ લીધો છે. રાજ્યમાં ખૂબ ગંભીર પરિસ્થિતિમાં ૧૦૮ના કર્મીઓની સમયસરની સેવાના કારણે ૧૫.૩૭ લાખ લોકોના જીવ બચાવવાનું મહામૂલું કાર્ય પણ થયું છે, તો ૧.૪૨ લાખથી વધુ મહિલાઓને સુખરૂપ પ્રસૂતિ પણ કરાવી શકાઈ છે. હાલમાં અંદાજે ૪ હજારથી વધુ ૧૦૮ કર્મીઓ સેવા આપી રહ્યાછે. અદ્યતન સુવિધાઓ અને હાઈ ટેક્નોલોજીથી સજ્જ આ ૧૦૮ એમ્બ્યુલન્સવાનના કારણે સમયસર કોલના સ્થળ પર પહોંચવામાં અને સતત મોનિટરિંગ કરવાના કારણે આ સેવા ખૂબ ઝડપી અને લોકોને પ્રાથમિક સારવાર આપવાથી માંડી તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલ સુધી પહોંચાડવા સહિતની કામગીરી કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢવાસીઓને રૂ. ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોની ભેટ આપી

રેઇન વોટર હાર્વેસ્ટિંગ અને વોંકળા સફાઈની કામગીરી માટે જૂનાગઢ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવ્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાણાંના અભાવે વિકાસનું કોઈ કામ અટકે નહીં તે માટે આગવું નાણાંનું વ્યવસ્થાપન કર્યું છે

રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજી પટેલ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં જૂનાગઢ શહેરના રૂ.૩૮૪ કરોડના ૮૧ પ્રજાલક્ષી કામોનુ ખાતમુહૂર્ત અને રૂ. ૧૨.૮૬ કરોડના ખર્ચે નવ નિર્મિત ૧૦ કામોનુ લોકાર્પણ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે જૂનાગઢવાસીઓને રૂ. ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોની ભેટ ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી આપતા જણાવ્યું કે, રાજ્યમાંશહેરી વિકાસમાંએક પણ નગર પાછળન રહેતેવી પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. જૂનાગઢ શહેરના આ વિવિધ વિકાસે કાર્યોના ઈ- લોકાર્પણ-ખાતમુહૂર્તથી ઈઝ ઓફ લિવિંગની નેમ સાકાર થશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસના ક્ષેત્રે રાજ્યને અગ્રીમ રાજ્ય બનાવવાની દિશાઆપી છે. ગુજરાત તેના શહેરી વિકાસના કારણે વિશ્વફલક પર નામાંકિત થયું છે. ગરવા ગિરનારની ગોદમાં વસેલા ઐતિહાસિક જૂનાગઢમાંપણ અદ્યતન વિકાસની રાજ્ય સરકારની નેમ છે, નરસિંહ મહેતાનુંઆ નગર આજે વિકાસની દિશામાં અગ્રેસર બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શહેરી વિકાસની નવી પ્રણાલી પ્રસ્થાપિત થઈ છે, વધતી જતી શહેરીજનસંખ્યાને મૂળભૂત અને આંતર માળખાકીય સુવિધા આપવા રાજ્ય સરકારપ્રતિબદ્ધ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાણાંના અભાવે વિકાસનું કોઈ કામ અટકે નહિ તે માટે આગવું નાણાં વ્યવસ્થાપન પણ કર્યું છે તેમ પણ તેમણે જણાવ્યુંહતું. મુખ્ય મંત્રીશ્રીએ કહ્યુ કે, તાજેતરમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના માળખાકીય વિકાસના કામો માટે રૂ. ૨૧૧૧ કરોડનાચેક અર્પણ કરવામાં આવ્યા છે તેમાંજૂનાગઢ મહાનગરપાલિકા ને રૂ. ૩૪.૪૦ કરોડ ફાળવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ વિકાસના કામોની ગુણવત્તા જળવાઈરહે તેમાટે ખાસ ભાર મુકતા જણાવ્યું કે, જૂનાગઢ મહાનગરપાલિકા વિકાસ કામોમાં નંબર વન બને તેવુંઆયોજન થયું છે અને સૌ સાથે મળીને જૂનાગઢ મહાનગરપાલિકાને ટોચના સ્થાને પહોંચાડે તેવોઅનુરોધ તેમણે કર્યો હતો. કેન્દ્ર સરકારના બજેટમાં શહેરી વિકાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, આપણા શહેર ગ્રોથ હબ બને તેવી નેમ પણ આ બજેટમાં રાખવામાં આવી છે. ગુજરાતના સહિત દેશના ૧૦૦ મોટા શહેરોમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અને અન્ય એજન્સીઓ સાથે મળીને વોટર સપ્લાય, સુએઝ ટ્રીટમેન્ટ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેક્ટ પરપણ ભાર અપાયો છે તેની વિસ્તૃત છણાવટ મુખ્ય મંત્રીશ્રીએ કરી હતી. લોક ભાગીદારીથી કેવા સારા પરિણામ મળી શકે તે જૂનાગઢનાલોકોએ કરી બતાવ્યું છે, ગયા વર્ષે ભારે વરસાદમાં જૂનાગઢ શહેરના ગયા વર્ષે ભારે વરસાદમાં જૂનાગઢ શહેરના વોંકળામાં કાપ, માટી, ઝાડી-ઝાંખરા કારણે પાણી ભરાવાની મોટી સમસ્યા હતી. તેના કારણે ઘણું નુકસાન પણ થયું હતું. પણ આ વર્ષે જૂનાગઢ મહાનગરપાલિકાએ ૯ કિમી જેટલા લાંબા કાળવા વોંકળાનું PPP મોડલ પર ડીસિલ્ટિંગ કરીને આ સમસ્યાનો હલ કરવાનો સરહાનીય પ્રયાસ કર્યો છે. તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને વોંકળા સફાઈની કામગીરી માટે જૂનાગઢ મહાનગરપાલિકાને અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગ્રીન ગ્રોથ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક પેડ માં કે નામ' ની પહેલને સાકાર કરવા જૂનાગઢ મહાનગરપાલિકા ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો છે, તેને બિરદાવતા જૂનાગઢ વાસીઓને પણ તેમાં જોડાવા માટે અપીલ કરીહતી. કૃષિરાજ્ય મંત્રી અને જૂનાગઢ જિલ્લાપ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યુ કે, જૂનાગઢ શહેર વિસ્તારમાં સીસી રોડ, ડ્રેનેજ લાઇન, સ્વિમિંગ પુલ, જી આઇ એસ બેઇઝ મેપિંગ સહિતના વિવિધ વિકાસકાર્યોનું રૂ. ૩૯૭.૭૮ કરોડના ખર્ચે ઈ લોકાર્પણ અને ઈ ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે. શહેરી વિકાસના આ કાર્યો થકી રોજગારીનું સર્જન, કરવેરાની આવકમાં ઉમેરો, શહેરી અને આર્થિક વિકાસ થશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વિકસિત ભારત @ 2047" ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી કરી છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, શહેરના જોશીપુરા વિસ્તારના વેપારીઓના કોમર્શિયલ કોમ્પલેક્ષને લગતા પ્રશ્નનું પણ નિવારણ આવ્યું છે. શહેરમાં નરસિંહ મહેતા સરોવર અને વિલિંગ્ડન ડેમના વિકાસ માટેના વિકાસકાર્યો તેમજ શહેરને ૨૫ ઈ-બસ ફાળવવામાં આવશે. આ પ્રસંગે મેયર શ્રીમતી ગીતાબેન પરમારેજૂનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારમાં પીવાના પાણીની સપ્લાય, હેરિટેજ બિલ્ડીંગ નરસિંહ મહેતાવિદ્યામંદિરના નવીનીકરણ, મનાપા વિસ્તારમાં જીઆઈએસ બેસ મેપિંગ, સોલિડ વેસ્ટ સેગ્રીગેશન પ્લાન્ટ, ઈન્દ્રેશ્વર મંદિર ખાતેના વિકાસ કાર્યો સહિતના વિકાસ કાર્યોના થયેલા ખાતમુહૂર્ત અને લોકાર્પણનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, રાજ્યના સરકારના અનુદાનથી જૂનાગઢ શહેરમાં ખૂબ વિકાસના કાર્યો થયા છે. તેમણે જોષીપરા ખાતેના કોમર્શિયલ શોપિંગ સેન્ટરનાદબાણના પ્રશ્નનો હકારાત્મક નિકાલ માટે મુખ્યમંત્રીશ્રીનો વિશેષ આભાર માન્યો હતો. મ્યુનિસિપલ કમિશનર શ્રી ઓમ પ્રકાશે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ સહિતના મહાનુભાવોને આવકારતા શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા, કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન હરેશભાઈ પરસાણા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, શાસક પક્ષના નેતા કિરીટભાઈ, દંડક શ્રી અરવિંદભાઈ ભલાણી, બાંધકામ સમિતિના ચેરમેન ધર્મેશ પોશિયા, વોટર વર્કસ સમિતિના ચેરપર્સન કુસુમબેન અકબરી, અગ્રણી સર્વશ્રી પ્રદીપ ખીમાણી, ભરત ગાજીપરા, મનન અભાણી, વિનુભાઈ ચાંદીગરા સહિતના મહાનુભાવો અને જૂનાગઢ શહેરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લામાં કુદરતી આપત્તિ સમયે મદદરૂપ થવા 'આપદા મિત્રો'ની રિફ્રેશર તાલીમ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

ગુજરાતરાજ્ય આપત્તિવ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા સંભવિત કુદરતી આપત્તિના સમયે ઉપયોગી થઈ શકે તે માટે વલસાડ જિલ્લા કલેક્ટરશ્રીઅનસૂયા જહાનામાર્ગદર્શન હેઠળ જિલ્લા ડિઝાસ્ટર શાખાદ્વારા જિલ્લા તથા તાલુકાના હોમગાર્ડ, જીઆરડીઅને એસઆરડીના કુલ ૩૫૬ જવાનો (આપદા મિત્રો) માટે તા. ૨૭ અને ૨૮ જુલાઈના રોજ સવારે ૯-૩૦ થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી મોગરાવાડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં પુરના સમયે પાણીમાંથી બચાવ, સર્ચ ઓપરેશન, પ્રાથમિક સારવાર, આગસલામતી, આગના સમયે રાખવાની સાવધાની, આગના પ્રકાર, આગ લાગવાના કારણો, આગ સામે લડવાની પધ્ધતિ, ફાયર સેફ્ટીના સાધનોની વિસ્તૃત સમજ, ફાયર ફાઈટિંગનું ડેમોન્સ્ટ્રેશન, ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર દ્વારા ઈઆરકે અને ઈઈઆરઆર કિટનું ડેમોન્સ્ટ્રેશન, હેલ્થ અને રેડક્રોસ સોસાયટીના વિશેષજ્ઞ દ્વારા સીપીઆર તાલીમ અને રિસોર્સ વિશેષજ્ઞદ્વારા પ્રાથમિક સારવારમાં જરૂરીપ્રાથમિક જાણકારીઓ અને પ્રાથમિક સારવારના નિયમોનીસમજ, રાહતવિતરણની કામગીરી, સ્થળાંતરમાં મદદરૂપ થવું, રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી તથા એનડીઆરએફ અને એસડીઆરએફ સાથે સંકલનમાં રહી મદદરૂપ થવાની કામગીરી કઈ રીતે કરવી વગેરે વિષયોની તાલીમ દ્રઢઈહ્વ ટીમ, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અને વલસાડ ફાયર વિભાગના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી.

રાહત કમિશનર શ્રી આલોક કુમાર પાંડેના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ

આગામી તા.૩૦ જુલાઇ થી ૦૫ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારે અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી

કમલમ્ ન્યુઝ,

રાહત કમિશનર શ્રી આલોકકુમાર પાંડેના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઈમરજન્સીઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામીસમયમાંભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીશ્રીઓ સાથે મુદ્દાવાર ચર્ચા કરવામાં આવી હતી. IMDના અધિકારીશ્રી દ્વારા તા.૩૦ જુલાઈ થી ૦૫ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી રાજ્યમાં ભારે અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંબંધિતવિભાગો સાથે જરૂરી ચર્ચાકરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા રાહત કમિશનરશ્રીએ જણાવ્યુંહતુ રાહત કમિશનર શ્રી દ્વારા રાજ્યમાં વરસાદના કારણે ઊભી થયેલ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પશુપાલન, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કૃષિ, CWC, માર્ગ અનેમકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, જી.એમ.બી., શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, SSNNL, NDRF અનેકોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના નોડલ અધિકારીશ્રીઓ સાથે વરસાદની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. શ્રી આલોકકુમાર પાંડે દ્વારા બેઠકમાં હાજર રહેલ તમામ નોડલ અધિકારીશ્રીઓ સાથે પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતાં જરૂરી સૂચનાઓ આપીયોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીશ્રીઓને એલર્ટ રહેવા જણાવ્યું હતુ. આ બેઠકમાં સિંચાઈ, SSNNL, CWC-Mahi & Tapi Division, ફોરેસ્ટ, આરોગ્ય, કોસ્ટગાર્ડ, જી.એમ.બી., ઊર્જા, માર્ગ અને મકાન, સ્ટેટ ટ્રાન્સપોર્ટ, NDRF, SDRF, યુ.ડી.ડી, ફાયર, પંચાયત, પશુપાલન, ICDS, ફૂડ એન્ડ સિવિલ સપ્લાય, શિક્ષણ, કૃષિ, માહિતી વિભાગના તથા ઈન્ડિયન નેવી અને ઈન્ડિયન એરફોર્સના નોડલ અધિકારીશ્રીઓહાજર રહ્યા હતા.

માહિતી આયોગ દ્વારા ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃતભાઈ પટેલ અને રાજ્ય માહિતી કમિશનર શ્રી આર. જે. કારીઆનો વિદાય સમારોહ યોજાયો

આ સમારોહમાં નવનિયુક્ત મુખ્ય માહિતી કમિશનર તેમજ ત્રણ રાજ્ય માહિતી કમિશનરશ્રીઓનું પણ માહિતી આયોગમાં સ્વાગત કરાયું

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃતભાઈ પટેલ તેમજ રાજ્ય માહિતીકમિશનર શ્રી આર.જે. કારીઆનો કાર્યકાળ પૂર્ણ થતાં માહિતી આયોગ દ્વારા NFSU-ગાંધીનગરખાતે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં સમગ્ર માહિતી આયોગ દ્વારા તેઓને વિદાય આપવામાં આવી હતી. આ ઉપરાંત સમારોહ દરમિયાન નવનિયુકત મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષ સોની તેમજ ત્રણ રાજ્ય માહિતી કમિશનર સર્વ શ્રી સુબ્રમનીયમ આર. ઐયર, શ્રી મનોજ વી. પટેલ અને શ્રી નીખીલ ભટ્ટને પુષ્પગુચ્છ આપી માહિતી આયોગ પરિવારમાં આવકારમાં આવ્યા હતા. સાથે જ વિદાય થતા મુખ્ય માહિતી કમિશનરશ્રી તથા રાજ્ય માહિતી કમિશનર શ્રીને શ્રીફળ, શાલ અને સાકર પડો આપીને વિદાયમાન આપવામાં આવ્યુહતું. આ સમારોહના પ્રારંભે માહિતી આયોગના સચિવ શ્રી જયદીપ દ્વિવેદીએ શાબ્દિક સ્વાગત કરતા સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે વિવિધ મહાનુભવો દ્વારા મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃતભાઈ પટેલ તેમજ રાજ્ય માહિતી કમિશનર શ્રી આર. જે. કારીઆની સુદીર્ઘ સેવાઓ દરમિયાન હકારાત્મક અને સંવેદનશીલ અભિગમ તેમજ અજોડ વહીવટી કુનેહને બિરદાવવામાંઆવી હતી. આ સાથે જ તેમનીફરજ પ્રત્યેની નિષ્ઠા તથા સમર્પણ ભાવનાની પણ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નોંધ લેવામાં આવી હતી. પોતાનો કાર્યકાળ પૂર્ણ થતા મુખ્ય માહિતી કમિશનરશ્રી તેમજ રાજ્ય માહિતી કમિશનરશ્રી દ્વારા તેમની સરકારી સેવા દરમિયાનના સંસ્મરણો અને અનુભવો રજૂ કર્યા હતા, સાથે જ તેઓએ સન્માન માટે સૌનો આભાર પણ માન્યો હતો. આ સમારોહમાં પૂર્વ મુખ્ય માહિતી કમિશનર સર્વશ્રી બલવંતસિંહ, શ્રી વી. એસ. ગઢવી અને શ્રી દીલીપ ઠાકર તેમજ પૂર્વ રાજ્ય માહિતી કમિશનર સર્વશ્રી કે.એમ. અધ્વર્યુ અને શ્રી વી. પી. પંડ્યા ઉપરાંત સામાન્ય વહીવટવિભાગના અધિક સચિવ સહિત માહિતી આયોગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહના અંતે માહિતી આયોગના રજીસ્ટ્રાર શ્રી પ્રકાશ મોદી દ્વારા આભારવિધિ કરવામાંઆવી હતી.

ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ પર વિશેષ વર્કશોપ યોજાયો

જૈવિક વિવિધતા અને તેના સંરક્ષણ વિશે માહિતગાર કરાયા

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' નિમિત્તે વિશેષ વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટીના એમ.એસ.સી ઝૂઓલોજી અનેસંલગ્ન વિભાગના આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી થયા હતા. આ વર્કશોપમાં ગ્રીન સપોર્ટ સર્વિસના ઈકોલોજીસ્ટ ડૉ. વિરાગવ્યાસ અને સસ્ટેનેબલ ઈકોલોજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. ભાવિક પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વિરાગ વ્યાસે જૈવિક વિવિધતા અને તેના સંરક્ષણ વિશે ઉપસ્થિત સૌને માહિતી આપી હતી. તેમણે સમજાવ્યું હતું કે, અત્યારે માનવ વસ્તી વધી રહી છે અને જંગલનો વિસ્તાર ઘટી રહ્યો છે. જેને કારણે જૈવિક વિવિધતાને ઘણુંનુકસાન થઈ રહ્યું છે. જેના વિશે લોકોને જાગૃત કરવા જરૂરીછે. વધુમાંતેમણે કહ્યું કે, જંગલનો વિસ્તાર ન ઘટે અને જંગલમાં વસવાટ કરતા વન્ય પ્રાણીઓના અસ્તિત્વ પર જોખમ ઊભું ન થાય તેવા પગલાં આપણે સહુએ સાથે મળીને લેવા જોઈએ. આ ઉપરાંત ડૉ. ભાવિક પટેલે વૃક્ષો તેમજ પ્રાણીઓ અને પક્ષીઓનું સંરક્ષણ કઈ રીતે કરવું તેના વિશે સમજાવ્યું હતું. તેમણે સમજાવ્યું કે કોઈ જગ્યાએ વૃક્ષારોપણ કરવું હોય તો પહેલાં એ વિસ્તારનો અભ્યાસ કરવો જોઈએ કે ત્યાં ક્યા પ્રકારના વૃક્ષો ઉછરી શકશે આ પ્રકારના વૃક્ષોની જરૂરિયાત એ વિસ્તારમાં કેટલી છે અને તેનાથીકેટલો ફાયદો થશે. આ બધી બાબતનો અભ્યાસ કર્યા પછી જ વૃક્ષારોપણ કરવું જોઈએ. આ ઉપરાંત તેમણે જંગલના જુદા જુદા કાયદાઓ વિશે તેમજ પ્રોજેક્ટ એલિફન્ટ અને પ્રોજેક્ટ ટાઈગર વિશે પણ વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી દ્વારા અવારનવાર વિદ્યાર્થીઓ અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તેમજ પ્રકૃતિનું સંરક્ષણ થાય તેના માટે અવારનવાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતુંરહે છે.

ગુજરાતને વધુ હરીયાળું બનાવવાના લક્ષ્ય સાથે ગાંધીનગરથી 'એક પેડ મા કે નામ' ગીત લોન્ચ કરતા વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા

ગુજરાતમાં અત્યારે સુધીમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વન વિભાગ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની સહભાગિતાથી અંદાજે ૬.૫૫ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરાયું

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે દિલ્હી ખાતે માતાના નામે એક વૃક્ષ વાવીને ભારતભરમાં 'એકપેડ માકે નામ' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીમંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્ય શ્રીઓ, સાંસદશ્રીઓ સહિત મહાનુભાવો-નાગરિકોએ પણ પોતાની માતાના નામે એક વૃક્ષ વાવીને આ અભિયાનને જન જન સુધી પહોંચાડ્યુંછે ત્યારેઆ અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. આ અભિયાનમાં વધુને વધુ નાગરિકો સહભાગી થાય તેવા ઉમદા હેતુથી વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલ 'એક પેડ મા કે નામ' ગીતનું આજે ગાંધીનગર ખાતેથી વન મંત્રીશ્રી મુળુભાઈ બેરાના હસ્તે તેમજ રાજ્ય વન મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોન્ચીંગ કરવામાંઆવ્યું હતું. વન મંત્રી શ્રી મુળુભાઈએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં અત્યારેસુધીમાં 'એક પેડ માકે નામ'અભિયાન અંતર્ગત વન વિભાગ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની સહભાગિતાથી અંદાજે ૬.૫૫ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે આ અભિયાન શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ઉત્સાહ પૂર્વક ચાલી રહ્યું છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના શબ્દોમાં કહ્યું હતું કે, દુનિયાનો સૌથી અમૂલ્ય સંબંધ "મા" સાથેનો છે. માતા પોતાનો બધો સ્નેહ બાળકોને આપી દે છે. જન્મદાત્રી માતાનો આપ્રેમ આપણાં બધાપર એક ઋણની જેમ હોય છે, જેને કોઈ આજીવન ચુકવીન શકે. વડાપ્રધાનશ્રીએ આ ઋણ ચુકવવા આ વર્ષે વિશ્વપર્યાવરણ દિવસ પર એક વૃક્ષ માતાનાં નામ પર "એક પેડ મા કે નામ" વાવીને અભિયાન ની શરૂઆત કરાવીછે. નાગરિકોને વૃક્ષો અને માતા સાથેજે લાગણીનાં સંબંધો હોય તેવા સ્નેહનાં તંતુઓ સાથે બાંધવાનો એક અનોખો પ્રયાસ હાથ ધર્યો છે. આજે રાજ્યભરમાં 'એકપેડ માકે નામ' અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. આ અભિયાનમાં નાગરિકો સ્વયંભૂ જોડાઈ રહ્યા છે ત્યારે વધુને વધુ નાગરિકો સુધી આ સંદેશ પહોંચે તેવા ઉમદા હેતુથી વન વિભાગ દ્વારા આજે આ 'એક પેડ મા કે નામ' ગીત લોંચ કરવામાં આવ્યુંછે. આ અભિયાનમાં ઉત્સાહ પૂર્વક જોડાઈને માતાનાં નામે એક વૃક્ષ વાવીને આપણી ધરતી માતાને વધુહરિયાળી બનાવીનેપ્રકૃતિનું પણ ઋણ અદા કરવા વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ રાજ્યના નાગરિકોને અનુરોધ કર્યોહતો. આ પ્રસંગે વન વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, હેડ ઓફ ગુજરાત ફોરેસ્ટ ફોર્સ શ્રી યુ.ડી. સિંઘ, PCCF સામાજિક વનીકરણ ડૉ.એ. પી. સિંઘ સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વહાલી દીકરી યોજના થકી રાજ્ય સરકાર ગરીબની દીકરી માટે ભજવી રહી છે 'પેરેલલ પેરેન્ટ'ની ભૂમિકા

આ યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષોમાં ૨.૩૭ લાખથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનઅને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાંરાજ્યમાં કન્યાકેળવણીને સતતપ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પ્રથમ વખત રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા જેવા કાર્યક્રમશરૂ કર્યાહતા, જેને વર્તમાન રાજ્ય સરકાર સતતઆગળ ધપાવી રહીછે. આજ દિશામાં રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારની દીકરીઓના હિતમાં વર્ષ ૨૦૧૯ માં 'વહાલી દીકરી યોજના' લાગુ કરવામાં આવી હતી. ગુજરાતમાં ગરીબપરિવારોમાં જન્મેલીદીકરીઓ માટે રાજ્ય સરકાર વહાલી દીકરી યોજના થકી પેરેલલ પેરેન્ટની ભૂમિકા ભજવી રહી છે. રાજ્યસરકારે એવીઅનોખીયોજનાઅમલમાંમૂકી છે, જેનાદ્વારા ગરીબ વ્યક્તિને તેની દીકરીના ભણતરથીલઈને લગ્ન સુધીના પ્રસંગોના ખર્ચને પહોંચી વળવા માટે સરકારની મદદ મળી રહી છે. છેલ્લા ૫ વર્ષોમાં આ યોજના હેઠળ ૨.૩૭ લાખથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. વ્હાલી દીકરી યોજના વિશે વાત કરતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતીભાનુબેન બાબરિયાએ જણાવ્યું કે, "માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે 'વીમેન લેડ ડેવલપમેન્ટ' એટલેકે મહિલાઓના નેતૃત્વમાંવિકાસ પર ભાર મૂકીરહ્યા છે,ત્યારે દીકરીઓનેસશક્ત બનાવવી ખૂબ જ જરૂરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની દીકરીઓને સક્ષમ બનાવવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. રાજ્યની દીકરીઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકવામાં આવી છે, જે હેઠળ ૨ લાખથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. આ તમામ દીકરીઓને આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણથી માંડીને તેમના લગ્ન સુધીની આર્થિક સહાય મળશે. આ દીકરીઓ આવતીકાલનું ભવિષ્ય છે, જે વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપશે."

દીકરીઓને જન્મથી લઈને ૧૮ વર્ષની ઉંમર સુધી સરકારી સહાય મળશે

'વહાલી દીકરીયોજના' એક એવી યોજનાછે, જેનોલાભ આવતા વર્ષથી એટલે કે ૨૦૨૫-૨૬ થી મળવા લાગશે, કારણ કે યોજનાની જોગવાઈઓ એવી છે કે લાભાર્થી દીકરીઓ ધોરણ ૧ માં પ્રવેશ લીધા પછીજ લાભ મેળવવા પાત્રબને છે. આ યોજનાનીલાભાર્થી દીકરીઓને ૧૮ વર્ષની ઉંમર સુધી ૪ હજારથી લઈને ૧ લાખ રૂપિયા સુધીની સહાય મળશે.

જોગવાઈ કરતાં વધુ રકમની ફાળવણી

રાજ્ય સરકારે ઓગસ્ટ ૨૦૧૯માં સ્ત્રી ભ્રૂણ હત્યા અને બાળ લગ્ન અટકાવવા, કન્યાકેળવણી તેમજ સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવા અને સમાજમાં મહિલાઓને સન્માનજનક સ્થાન આપવાના ઉદ્દેશ્ય સાથે 'વહાલી દીકરી યોજના' શરૂ કરીહતી. મહિલાઅને બાળવિકાસવિભાગ દ્વારા ચલાવવામાં આવતી આ યોજના હેઠળ, ગરીબ પરિવારોમાં ૨ ઓગસ્ટ, ૨૦૧૯ અથવા તે પછીજન્મેલી દીકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૦૧૯ થી ૨૦૨૩-૨૪ દરમિયાન આ યોજના માટે કુલ ?૪૬૦.૮૫કરોડની જોગવાઈ કરી હતી, પરંતુ સરકારે અત્યાર સુધીમાં જોગવાઈ કરતાં વધુ એટલે કે ?૪૯૪.૧૪ કરોડની ફાળવણીકરી છે.

દીકરીઓને ૪ હજારથી લઈને ૧ લાખ રૂપિયા સુધીની સહાય

'વહાલીદીકરી યોજના'એ એક વ્યાપક યોજનાછે, જે હેઠળ રાજ્ય સરકાર ૨ લાખ રૂપિયા કે તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારોની દીકરીઓ માટે તેમના શિક્ષણથી લઈને લગ્ન સુધી 'પેરેલલ પેરેન્ટ'ની ભૂમિકાભજવશે. આયોજના હેઠળ રાજ્ય સરકાર ગરીબ દીકરીઓને ધોરણ ૧માંપ્રવેશસમયે ?૪,૦૦૦, ધોરણ ૯માં પ્રવેશસમયે ?૬,૦૦૦ અને ૧૮ વર્ષની વયે પહોંચતી વખતે ?૧ લાખની સહાય આપશે. આ સમયગાળાદરમિયાન, જો ઘરમાં કમાનાર વડીલનું મૃત્યુ થાય,તો રાજ્ય સરકાર તેની પુત્રીને ?૧૦,૦૦૦નીવધારાની વીમા રકમ પ્રદાન કરશે.

અત્યાર સુધીમાં ૨.૩૭ લાખથીવધુ દીકરીઓની નોંધણી થઈ છે

'વહાલીદીકરી યોજના' લાગુ થયેથી માર્ચ ૨૦૨૪ સુધીમાં ગરીબ પરિવારોની ૨ લાખ ૩૭હજાર ૧૨ થીવધુ દીકરીઓનું રજીસ્ટ્રેશન થયું છે. તેમાંથીવર્ષ ૨૦૧૯-૨૦માંનોંધાયેલ ૧૨ હજાર ૬૨૨ દીકરીઓને આગામી વર્ષ ૨૦૨૫-૨૬માં જ્યારે તેઓ ધોરણ ૧માં પ્રવેશ લેશે ત્યારે યોજના હેઠળ પ્રથમ હપ્તા તરીકે ૪૦૦૦ રૂપિયા આપવામાં આવશે. યોજનાની શરૂઆતથી, લાભાર્થી દીકરીઓની સંખ્યા દર વર્ષે વધી રહી છે, જેમાં વર્ષ ૨૦૨૦-૨૧માં આ સંખ્યા વધીને ૪૪ હજાર ૬૬૪, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧ લાખ ૧૪ હજાર ૫૬૭, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧ લાખ ૭૦ હજાર થઈ અને વર્ષ ૨૦૨૩-૨૪ (માર્ચ-૨૦૨૪ સુધીમાં) આ સંખ્યા વધીને કુલ ૨ લાખ ૩૭ હજાર ૧૨ થઈ ગઈ છે. આ તમામ દીકરીઓને રાજ્ય સરકાર દ્વારા આ યોજના હેઠળ ધોરણ ૧, ધોરણ ૯માં પ્રવેશ માટે અને ૧૮ વર્ષની ઉંમર પછી ઉચ્ચ શિક્ષણ અથવા લગ્ન પ્રસંગે આર્થિક સહાય મળશે.

મહત્તમ ૩ બાળકો માટે જ લાભ મળશે

'વહાલી દીકરી યોજના' દ્વારા, રાજ્ય સરકાર ૨ લાખ રૂપિયા કે તેથી ઓછી વાર્ષિકઆવક ધરાવતાગરીબ પરિવારોની દીકરીઓને શિક્ષણ અને લગ્ન માટે મદદ કરે છે, પરંતુ આ યોજનાનો લાભ એવા દંપતીઓ જ મેળવી શકે છે જેમને વધુમાં વધુ ૩ બાળકો હોય. દંપતીના ૩ બાળકોમાં એક, બે અથવા ત્રણેય પુત્રીઓ હોય તો પણ આ યોજનાનો લાભ મેળવી શકાશે, આ જોગવાઈ દ્વારા સરકારે વસ્તી નિયંત્રણને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો છે.

LIC ફંડમેનેજમેન્ટ એજન્સી છે

જ્યારે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૯ માં 'વહાલી દીકરી યોજના' શરૂ કરી, ત્યારે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) ને ફંડમેનેજમેન્ટ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. રાજ્ય સરકારે યોજનાના અમલીકરણ અને લાભાર્થીઓને સહાયની રકમના વિતરણ માટે એલઆઈસી સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત રાજ્ય સરકાર લાભાર્થીની નોંધણી બાદ એલઆઈસીને દર વર્ષે લાભાર્થી દીઠ ?૮,૧૦૦ના પાંચ હપ્તામાં કુલ ?૮૧,૫૦૦ આપશે. આ કરાર હેઠળ, રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ (માર્ચ-૨૦૨૪) સુધી એલઆઈસીને કુલ ?૪૯૧ કરોડ ચૂકવ્યા છે, જ્યારે તે પછી અન્ય ?૬૩.૦૯ કરોડ ચૂકવવામાં આવ્યા છે. આમ, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ે-ઝને અંદાજિત ?૫૪૪.૦૯ કરોડ ચૂકવ્યા છે.

સ્મીમેર હોસ્પિટલ, કિરણ હોસ્પિટલ અને રામ ઈમ્પેક્ષ એન્ડ ગ્રુપ દ્વારા ચોથો રક્તદાન કેમ્પ યોજાયો

૪૦૩ યુનિટ રક્ત એકત્ર કરાયું

સ્મીમેર બ્લડ બેંકમાં ૧૬૮ અને કિરણ હોસ્પિટલમાં ૨૩૫ યુનિટ રક્ત જમા કરાવ્યું

કમલમ્ ન્યુઝ,

રક્તની જરૂરિયાતને પહોંચી વળવા સુરતના કતારગામની રામ ઈમ્પેક્ષ એન્ડ ગ્રુપ પરિવારની દીકરી સ્વ. જન્નત નિરજભાઈ ભીંગરાડીયાના સ્મરણાર્થે ચોથો મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંમોટી સંખ્યામાં રત્નકલાકાર ભાઈઓએ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા રક્તદાન કરી ૪૦૩ યુનિટ રક્ત એકત્ર કર્યું હતું. સ્મીમેર હોસ્પિટલ, કિરણ હોસ્પિટલ અને રામ ઈમ્પેક્ષ એન્ડ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે આયોજિત રક્તદાન કેમ્પમાં ૪૦૩ રક્તદાતાઓ દ્વારા એકત્રિત થયેલા રક્તને સ્મીમેરબ્લડ બેંકમાં ૧૬૮ યુનિટ અને કિરણ હોસ્પિટલમાં ૨૩૫ યુનિટ રક્ત અર્પણ કર્યું હતું. આ પ્રસંગે રામ ઈમ્પેક્ષના રોનક મિયાણીએ જણાવ્યું હતું કે, રત્નકલાકારોને રોજીરોટી પૂરી પાડનાર કર્મભૂમિ સુરત શહેરનું ઋણ ચુકવવા અવારનવાર અનેક પ્રકારના લોકહિતના કાર્યોમાં યોગદાન આપે છે. રક્તની જરૂરિયાતને પૂરી કરવામાં સહયોગ અર્થે અમારા ૪૦૩ જેટલા રત્નકલાકારોએ બ્લડ ડોનેટ કરી અન્ય લોકોને પણ રક્તદાન કરવાની પ્રેરણા આપી છે. જેથી જરૂરિયાતમંદ લોકોને સરળતાથી રક્ત મળી શકે. આવનારા દિવસોમાં જરૂર પડ્યે વધુ રક્તદાન શિબિર યોજીને સમાજને મદદરૂપ થઈશું એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય કાંતિભાઈ બલર, રાજકોટના નિવાસી અધિક કલેક્ટર જી.વી મિયાણી, ડાયમંડ એસો. ના પ્રમુખ જગદીશભાઈ ખુંટ, અગ્રણી અશોકભાઈ ગાબાણી, સુરેશભાઈ મિયાણી સહિત મોટી સંખ્યામાં રત્નકલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

એન. એસ. એસ, અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, દ્વારા આયોજીત કારગિલ વિજય સ્મૃતિ દિવસની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

એન. એસ. એસ.અને યુવા કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત એ મળીને કારગિલ વિજય સ્મૃતિ દિવસની ઉજવણી કરી. "એક વૃક્ષ કારગિલ જવાનના નામ" કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટીના નક્ષત્ર વનમાં સવારે ૧૦:૩૦ વાગ્યે વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય પર્યાવરણને સમૃદ્ધ બનાવવાનો અને કારગિલ જવાનોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવાનો હતો. કારગિલ વિજય દિવસની ઉજવણી અંતર્ગત માનનીય સૈનિકો શ્રી મનમોહન શર્મા, શ્રી એન. કે. દેસાઈ, શ્રી જયંતિભાઈ ગાંધી, શ્રી દિલ્લબાગસિંહ ચીમા, અને શ્રી નવીનચંદ્ર સુરતવાલા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા શ્રી અશુતોષ ભટ્ટ નાગરજી, જમ્મુ કશ્મીર અધ્યયન કેન્દ્ર, નવી દિલ્હી દ્વારા પ્રેરણાત્મક ભાષણ અપાયું હતું. કાર્યક્રમમાં દેશભક્તિ ગીત, વિદ્યાર્થીનું કારગિલ પર વક્તવ્ય અને નૃત્ય જેવા સંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જવાનોને શ્રદ્ધાંજલિ અપી હતી. આ કાર્યક્રમનું આયોજન ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા અધ્યાપિકા ડૉ.માનસી મહેતાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને ડૉ. પ્રકાશચંદ્ર પટેલે પ્રેરણાત્મક શબ્દો કહ્યા હતા.

આ કાર્યક્રમ દ્વારા યુનિવર્સિટીએ કારગિલ વિજય દિવસની ઉજવણીને અર્થપૂર્ણ બનાવી, જવાનોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપતા સાથે પર્યાવરણની જાળવણીનો મહત્વનો સંદેશ પ્રસારિત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન કાયદા વિભાગના વિદ્યાર્થીઓ નેહા અને દેબ્દીપ દ્વારા થયું હતું.

૯ મી ઓગષ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીના આયોજન અંગે કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

જિલ્લામાં "વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૪"ની ઉજવણી અંતર્ગત નાંદોદમાં શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ અને દેડિયાપાડામાં આદર્શ નિવાસી શાળા- કેમ્પસ ખાતે કાર્યક્રમ યોજાશે

આગોતરા આયોજનના ભાગરૂપે કલેકટરશ્રીએ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને રચનાત્મક સૂચનો કર્યા

કમલમ્ ન્યુઝ,

આગામી તા.૯મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લામાંબંને વિધાનસભા વિસ્તાર મુજબ નાંદોદ અને દેડિયાપાડા ખાતે ઉજવણી કરવામાં આવનાર છે. જેના આયોજન અને અમલવારી સંદર્ભે નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા પ્રતિ વર્ષ ૯ મી, ઓગષ્ટના દિવસે "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓ અને તેના તાલુકાઓમાં આ દિવસ ઉજવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. તેના અનુસંધાને નર્મદા જિલ્લામાં તા. ૯ મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૪નાં કાર્યક્રમોનું આયોજન નાંદોદ વિધાનસભા મત વિસ્તારમાં શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલના કેમ્પસમાં અને દેડિયાપાડા વિધાનસભા વિસ્તારમાં આદર્શ નિવાસી શાળા-દેડિયાપાડા કેમ્પસ ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમના આયોજન સંદર્ભે યોજાયેલી બેઠકમાં કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ સંબંધિત વિભાગોને "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીની પૂર્વ તૈયારી કરીને આ દિવસે આદિજાતિ વિસ્તારમાંથી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી, કલાકાર, રમતવીરો, આદિજાતિ ખેડૂતોનું સન્માન, વિવિધ યોજનાના લાભાર્થીઓને એસેટ-પ્રમાણપત્ર વિતરણ, લોકાર્પણ, ખાતમુહૂર્ત જેવી કામગીરીની વ્યવસ્થા તેમજ પાર્કિંગ, પીવાના પાણી, આરોગ્ય અને સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રાથમિક સુવિધાઓ, સ્ટેજ-મંડપ, સાઉન્ડ સિસ્ટમ અંગેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. સ્થાનિક પદાધિકારીઓ અને આદિવાસી અગ્રણીઓ જનમેદની સાથે ઉપસ્થિત રહીને કાર્યક્રમની ઉત્સાહભેર ઉજણી કરે તેજોવા સૌને આહવાન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, પ્રાયોજના વહીવટદાર શ્રી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે.જાદવ, નાયબ વન સંરક્ષક (સામાજિક વનીકરણ) શ્રી મિતેશ પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, નાંદોદના પ્રાંત અધિકારીશ્રી ડૉ. કિશનદાન ગઢવી, દેડિયાપાડાના પ્રાંત અધિકારીશ્રી ધવલ સંગાડા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી. આર. પટેલ જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ- કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુંદરા પાસે એંકરવાલા અહિંસાધામની મુલાકાત લેતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

સંસ્થા ખાતે પશુઓના પોષણ અને રક્ષા માટે ચાલી રહેલી સેવા પ્રવૃતિઓ નિહાળી પ્રભાવિત થતા મુખ્યમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છની મુલાકાતે પધારેલા ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુંદરા નજીક પ્રાગપર ચોકડી ખાતે આવેલા ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામની મુલાકાત લીધી હતી. ગાયો સહિતના પશુઓના પોષણ માટે ચાલીરહેલીસેવાભાવી કામગીરી નિહાળી મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ સંસ્થામાંઆશ્રય લઈરહેલ અપંગ અને બીમાર ગાયો સહિતના પશુઓની કરવામાં આવી રહેલી સેવા, પશુઓ માટેના ૩૩૫ બેડની સુવિધાથી સજ્જ બે આઈ.સી.યુ. અને પશુ દવાખાના સહિતની વ્યવસ્થાઓ નિહાળીહતી. ઉપરાંત સંસ્થામાં લિમ્કા બુક અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર નંદીના શિંગડા નિહાળ્યા હતા. ભારતની અલ્ટ્રા મોર્ડન વેટરનરી હોસ્પિટલમાં પશુ ચિકિત્સકો દ્વારા દર મહિને સરેરાશ ૩૫૦ થી વધુ પશુઓના ઓપરેશન, બે અત્યાધુનિક આઈ.સી.યુ., અપંગ અને અંધ પશુઓ માટે અલગ આવાસ, પશુઓના આવાસ, ખોરાક તેમજ પોષણ માટે વિવિધ વ્યવસ્થાઓ, બીજબેંક સહિત સંસ્થાની વિશેષતાઓ અંગે મુખ્યમંત્રીશ્રીને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ સંગોઈએ માહિતગાર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮ માં ગુજરાત સરકાર દ્વારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ સેવાભાવી સંસ્થાને મહાવીર જીવદયા એવોર્ડ પણ અર્પણ કરવામાં આવ્યો છે. આ મુલાકાત વેળાએ મુંદરા નગરપાલિકા પ્રમુખશ્રી રચનાબેનજોષી, માંડવી-મુંદરા ધારાસભ્યશ્રી અનિરુદ્ધભાઈ દવે, અદાણીપોર્ટના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટરશ્રી રક્ષિતભાઈ શાહ, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, ધવલ આચાર્ય સહીતના ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ સંગોઈ સાથે સંસ્થાના ગીરીશભાઈ નાગડા, રાહુલ સાવલા, ડાહ્યાભાઈ ઉકાણી, શાંતાબેન એંકરવાલા, અને મંજુલાબેન વગેરેએ મુખ્યમંત્રીશ્રીને સંસ્થાનાં પ્રાંગણમાંઆવકાર્યા હતા અને મુલાકાત દરમિયાન સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના મુન્દ્રા તાલુકાના કારાઘોઘા પાસે ૬૦૦ એકરમાં આકાર પામેલા એક્રરવાલા નંદિસરોવર, નંદનવન તથા વન અભયારણ્યની મુલાકાત લીધી

ભગવાન મહાવીર પશુ રક્ષાકેન્દ્ર એકરવાલા અહિંસાધામ દ્વારા પર્યાવરણ તથા પશુઓના જતન માટે નિર્માણ પામેલા પ્રકલ્પોને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યા



પાંચ લાખ વૃક્ષો સાથે આકાર પામતા નંદનવનમાં પશુઓના અભયારણ્ય, ગોવર્ધન પર્વત, તપોવન ધામ, કૈલાશ ઉપવન, ગોકુળધામ તથા વાત્સલ્યધામને નિહાળીને સરહદી કચ્છમાં દાતાઓની સખાવતથી થતી ઉત્કૃષ્ટ કામગીરીની સરાહના કરી

કમલમ્ ન્યુઝ,ભુજ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે ભગવાન મહાવીર પશુ રક્ષાકેન્દ્ર એક્રરવાલાઅહિંસા ધામ મુન્દ્રા દ્વારા ૬૦૦ એકરમાં નિર્માણ થયેલા એક્રરવાલા નંદીસરોવર, ૨૨૫ એકરમાં પાંચ લાખ વૃક્ષો સાથે આકાર પામનારા નંદનવન, વન અભ્યારણ સહિતના પ્રકલ્પોની નિરીક્ષણ મુલાકાતલઈને પર્યાવરણ તથા જીવદયા ક્ષેત્રે સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં સચરાચર વરસાદના પગલે ૬૦૦ એકરમાં ૩ સરોવર પૈકીના નંદીસરોવરમાં આવેલા નવાનીરને શાસ્ત્રોક્ત વિધિ સાથે શ્રીફળ પધરાવીને વધાવ્યા હતા. તેમજ સરોવરની પાસે વૃક્ષારોપણ કર્યું હતું.

ત્યારબાદ ૨૨૫ એકરમાં આકાર પામી રહેલા નયનરમ્ય નંદનવનની મુલાકાત લીધી હતી. દર વર્ષે ૫૦ હજાર જેટલા વૃક્ષો વાવવામાં આવેછે અને હાલ અંદાજે અઢી લાખથી વધુ વૃક્ષો મોટા થઈ ગયા છે. મુખ્યમંત્રીશ્રી આ સાથેજ પશુઓ માટે ૨૦૦ એકરમાં ઉગાડવામાં આવતા પૌષ્ટિક ઘાસ, નર્સરી જેમાં આયુર્વેદિક તથા દેશીરોપાઓનો ઉછેર કરવામાં આવે છે. નંદિસરોવર બીજ બેંક જેમાં ૧૭૦ પ્રકારનાબીજ ઉપલબ્ધ છે, ૨૧ લાખ લીટરનો પાણીનો ટાંકો જેનો ઉપયોગ ૩૫૦ એકર જમીનમાં પાણીની જરૂરીયાત પૂરી કરવા માટે થાય છે. ઉપરાંત નંદનવનમાં સામાન્ય તથા અપંગ અને અંધપશુઓ તથા બીમાર પશુઓની ગૌશાળા, ૩૦૦૦થી વધુ આશરો લેતા પશુઓની સુવિધાસ્થળ, ગોવર્ધન પર્વત, તપોવનધામ, કૈલાશ ઉપવન, ગોકુળધામ, વાત્સલ્યધામ, વૃંદાવન ધામ (પશુઓ માટે મુક્ત વિચરણ અભયારણ્ય વગેરેની મુલાકાત લઈને સંસ્થાના આગેવાનો પાસેથી તમામ ઉપક્રમો વિશે ઝીણવટભરી વિગતો મેળવીને વર્તમાન તથા ભવિષ્યના વિઝનથી માહિતગાર થયા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ મુખ્યમંત્રીશ્રીને આગામી સમયમાં નંદનવનમાં જીવદયા, પર્યાવરણ સહિતના વિષય પર ખેડૂતો, છાત્રોને શિક્ષણ, તાલીમ, સંશોધન તથા આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનાર યોજીશકાય તે કક્ષાનું સુવિધાસભર તથા વિશાળ ક્લબ હાઉસના નિર્માણ અંગેની વિગતો આપી હતી. મુખ્યમંત્રીશ્રી નંદનવનની મુલાકાત સમયે પર્યાવરણ તથા પશુઓના જતન માટે સંસ્થાએ ઉપાડેલી કામગીરીથી પ્રભાવિત થયા હતા. સરકાર આ સેવા કાર્યમાં સહકાર માટે તત્પર રહેશે તેવી હૈયાધારણા તેમણે આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ મહેન્દ્રભાઈ સંગોઈ, ડાયાલાલભાઈ ઉકાણી, રાજેશભાઈ સોરઠીયા, શિવજીભાઈ છભાડીયા, અગ્રણીશ્રીઓ જીગરભાઈ છેડા, દિલીપભાઈ દેશમુખ, છાયાબેન ગઢવી, શાંતાબેન એક્રરવાલા, મંજુલાબેન સંઘોઈ, જયાબેન ગંગર, મહેન્દ્રસિંહ જામ સહિતના અગ્રણીશ્રીઓએ કુમકુમતિલક અને ફુલહારથી મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી સાથે ધારાસભ્યશ્રી અનિરુદ્ધભાઈ દવે, નગરપાલિકા પ્રમુખશ્રી રચનાબેન જોશી, મુન્દ્રા તાલુકાપંચાયત પ્રમુખ શ્રી મહિપતસિંહ જાડેજા, અગ્રણી શ્રી ધવલ આચાર્ય, સંજય ભાઈ ઠક્કરસહિતના ઉપસ્થિતરહ્યા હતા.

UPSCએ કુ. પૂજા મનોરમા દિલીપ ખેડકરની કામચલાઉ ઉમેદવારી રદ કરી અને તેમને ભવિષ્યની તમામ પરીક્ષાઓ/પસંદગીઓમાંથી કાયમી ધોરણે બાકાત રાખ્યા

કમલમ્ ન્યુઝ,

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ૧૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ સિવિલ સર્વિસીસ એકઝામિનેશન-૨૦૨૨ (સીએસઈ-૨૦૨૨)ના કામચલાઉ ભલામણ કરાયેલા ઉમેદવાર સુશ્રી પૂજા મનોરમા દિલીપ ખેડકરની તેમની ઓળખને ખોટી ઠેરવીને પરીક્ષાના નિયમોમાંપૂરી પાડવામાં આવેલી માન્ય મર્યાદાથી વધુના પ્રયત્નોનો કપટપૂર્વક લાભ લેવા માટે એક કારણદર્શક નોટિસ (એસસીએન) જારીકરવામાં આવી હતી. તેમણે ૨૫ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં એસસીએનને પોતાનો જવાબ સુપ્રત કરવાનો હતો જો કે, તેણીએ ૦૪ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી વધુ સમય માટે વિનંતી કરી જે થી તેણી તેના પ્રતિસાદ માટે જરૂરી દસ્તાવેજો એકત્રિત કરી શકે.

૨. યુપીએસસીએ શ્રીમતી પૂજા મનોરમા દિલીપ ખેડકરની વિનંતીને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધી હતી અને ન્યાયના અંત સુધી પહોંચી વળવા માટે, તેમને ૩૦ જુલાઈ, ૨૦૨૪ના બપોરે ૩:૩૦ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો હતો જે થી તેઓ એસસીએનને જવાબ રજૂ કરી શકે. કુ. પૂજા મનોરમાદિલીપ ખેડકરને એ પણ સ્પષ્ટપણે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે તેમના માટે આછેલ્લી અને અંતિમ તક છે અને સમયને વધુ લંબાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ઉપરોક્ત તારીખ/સમય સુધીમાં જો કોઈ પ્રતિસાદ નહીં મળે તો યુપીએસસી તેની પાસેથી વધુ કોઈ સંદર્ભ લીધા વિના આગળની કાર્યવાહી કરશે તેવી સ્પષ્ટ શબ્દોમાં પણ તેમને જાણ કરવામાં આવી હતી. તેમને આપવામાં આવેલા સમયમાં વધારો કરવા છતાં, તેણી નિર્ધારિત સમયની અંદર પોતાનો ખુલાસો રજૂ કરવામાં નિષ્ફળ ગયા છે.

૩. યુપીએસસીએ ઉપલબ્ધ રેકોર્ડની કાળજીપૂર્વક તપાસ કરી છે અને સીએસઈ-૨૦૨૨ના નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કાર્યવાહી કરવા બદલ તેણીને દોષી ઠેરવવામાં આવી છે. સીએસઈ-૨૦૨૨ માટે તેમની પ્રોવિઝનલ ઉમેદવારીરદ કરવામાં આવી છે અને યુપીએસસીની ભવિષ્યની તમામ પરીક્ષાઓ/પસંદગીમાંથી પણ તેમને કાયમી ધોરણે બાકાત રાખવામાં આવ્યા છે.

૪. કુ. પૂજા મનોરમા દિલીપ ખેડકરના કેસની પૃષ્ઠભૂમિમાં, યુપીએસસીએ વર્ષ ૨૦૦૯થી ૨૦૨૩ સુધીમાં સીએસઈના ૧૫,૦૦૦ થી વધુ ઉમેદવારોની આખરે ભલામણ કરેલા ઉપલબ્ધ ડેટાની સંપૂર્ણ તપાસ કરી છે, એટલે કે ૧૫ વર્ષ માટે તેમના દ્વારા પ્રાપ્ત પ્રયત્નોની સંખ્યાના સંદર્ભમાં. આ વિસ્તૃત કવાયત બાદ સુશ્રી પૂજા મનોરમા દિલીપ ખેડકરના કેસને બાદ કરતાં અન્ય કોઈ ઉમેદવારે સીએસઈના નિયમો હેઠળ મંજૂરી કરતાં વધુ સંખ્યામાં પ્રયાસોનો લાભ લીધો હોવાનું જણાયું નથી. કુ. પૂજા મનોરમા દિલીપ ખેડકરના એકમાત્રકિસ્સામાં, યુપીએસસીની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) તેના પ્રયત્નોની સંખ્યાને શોધી શકી ન હતી, જેનું મુખ્ય કારણ એ હતું કે તેણે માત્ર તેનું નામ જ નહીં પરંતુ તેના માતાપિતાનું નામ પણ બદલ્યું હતું. યુપીએસસી ભવિષ્યમાં આવા કેસ ફરીન બને તે માટે એસઓપીને વધુ મજબૂત બનાવવાનીતૈયારીમાં છે.

૫. જ્યાં સુધી ખોટા પ્રમાણપત્રો (ખાસકરીને ઓબીસી અને પીડબલ્યુબીડીકેટેગરી) રજૂ કરવા અંગેની ફરિયાદોનો સવાલ છે, ત્યાં સુધી યુપીએસસી સ્પષ્ટ કરવા માગે છે કે તે માત્ર પ્રમાણપત્રોની પ્રાથમિક ચકાસણી કરે છે, જેમ કે પ્રમાણપત્ર સક્ષમ ઓથોરિટી દ્વારા જારી કરવામાં આવ્યું છે કે કેમ, પ્રમાણપત્ર કયા વર્ષથીસંબંધિત છે, પ્રમાણપત્ર જારી કરવાની તારીખ, શું પ્રમાણપત્ર, પ્રમાણપત્રનું ફોર્મેટ વગેરે પર કોઈ ઓવરરાઈટિંગ છે. સામાન્ય રીતે, પ્રમાણપત્રને અસલીતરીકે લેવામાં આવે છે, જો તે સક્ષમ ઓથોરિટી દ્વારા જારી કરવામાં આવ્યું હોય. યુપીએસસીપાસે ઇદર વર્ષે ઉમેદવારો દ્વારા રજૂકરવામાં આવતા હજારો પ્રમાણપત્રોની સચોટતા તપાસવાનો આદેશ પણ નથી અને ન તો કોઈ સાધન છે. જો કે, તે સમજી શકાય છે કે અધિકારીઓ દ્વારા કામગીરી સાથેના આદેશ સાથે પ્રમાણપત્રોની ચકાસણી અને ચકાસણી હાથ ધરવામાં આવે છે.

ખેડૂતોના હિતમાં ઐતિહાસિક પગલું: સાંસદ મિતેષભાઈ પટેલની બદલપુર વિયર પ્રોજેક્ટ માટે લોકસભામાં શકિતશાળી રજૂઆત

કમલમ્ ન્યુઝ,

આણંદ લોકસભા મતવિસ્તારના સાંસદ, મિતેષભાઈ પટેલ (બકાભાઈ) આજે લોકસભામાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તેમણે ખંભાત, બોરસદ અનઆંકલાવના ખેડૂતોના હિતમાંબોરસદ તાલુકાના બદલપુર ગામ પાસે વિયર બનાવવાની માંગણી કરીછે. આરજૂઆતદ્વારા તેમણે દશકોથીચાલી આવતી એક ગંભીર સમસ્યા તરફ સરકારનું ધ્યાન દોર્યું છે. મહીસાગર નદીમાં સમુદ્રના ખારાપાણીનું પાછા ફરવું એ આ વિસ્તારના ખેડૂતો માટે જીવલેણ સમસ્યા બની ગઈછે. આ કારણે લગભગ ૫૦,૦૦૦ એકરથી વધુ ખેતીલાયક જમીનને નુકસાન થઈરહ્યું છે. ખારા પાણીના પ્રવેશથી જમીનની ફળદ્રુપતા નોંધપાત્ર રીતે ઘટી રહી છે, જેના કારણે પાકની ઉપજમાં લગભગ ૪૦% જેટલો ઘટાડો નોંધાયો છે. આના પરિણામે, આશરે ૧૦,૦૦૦થી વધુખેડૂત પરિવારોને દર વર્ષે કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડીરહ્યું છે. સાંસદ મિતેષભાઈ પટેલે લોકસભામાં કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, "બદલપુર ગામ પાસે વિયર બનાવવાથી આ સમસ્યાનું કાયમી સમાધાન મળશે. આપ્રોજેક્ટથી ન માત્ર ૫૦,૦૦૦ એકર જમીનનું રક્ષણ થશે, પરંતુ લગભગ ૧૦,૦૦૦ ખેડૂત પરિવારોની આજીવિકા સુરક્ષિત થશે. આ વિયર પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૫૦૦ કરોડ રૂપિયા છે, પરંતુ તેનાથી થનાર લાંબા ગાળાના ફાયદા આ ખર્ચનેસંપૂર્ણપણે વાજબીઠેરવે છે." સાંસદે વધુમાં ઉમેર્યું કે, "આ પ્રોજેક્ટથી માત્રખેતીજ નહીં, પરંતુ સમગ્ર પર્યાવરણને ફાયદો થશે. વિયર બનાવવાથી ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે, જે આ વિસ્તારમાં પાણીની અછત તની સમસ્યા ને હળવી કરશે. સાથે સાથે, આ પ્રોજેક્ટ સ્થાનિક જૈવવિવિધતાના સંરક્ષણમાં પણ મદદરૂપ થશે." મિતેષભાઈએ જણાવ્યું કેતેમણે આ પ્રોજેક્ટ માટે અગાઉરાજ્ય સરકાર સાથે પણ વિસ્તૃતચર્ચાઓકરીહતી. હવે લોકસભામાંરજૂઆત કરવાથી આ મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચશે, તેમણે કહ્યું, "હું વ્યક્તિગત રીતે કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય અને અન્ય સંબંધિત વિભાગો સાથે આ મુદ્દે સતત સંપર્કમાંરહીશ. અમારી ટીમજરૂરીતકનીકીઅહેવાલોઅને પ્રોજેક્ટદરખાસ્તો તૈયારકરી રહી છે જેથી પ્રોજેક્ટને જલદી મંજૂરી મળે." સ્થાનિક ખેડૂતોએ સાંસદની આ પહેલને આવકારી છે. બોરસદના અગ્રણી ખેડૂત રમેશભાઈ પટેલ કહ્યું, "મિતેષભાઈએ અમારી વર્ષો જૂની સમસ્યાને વાચા આપી છે. આ પ્રોજેક્ટ અમારા માટે જીવતદાન સમાન છે. અમને આશા છે કે સરકાર આપ્રોજેક્ટને ગંભીરતાથી લેશેઅને જલદી અમલમાં મૂકશે." સાંસદે અંતમાં ભારપૂર્વક જણાવ્યું કે, "આ પ્રોજેક્ટ માત્ર વિકાસનું જ નહીં, પરંતુ સામાજિક ન્યાયનું પણ ઉદાહરણ બનશે. હું કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલકરું છું કે આ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપવામાં આવે. આપણે સાથે મળીને આ વિસ્તારના ખેડૂતોના જીવનમાં નવી આશા અને સમૃદ્ધિ લાવીશકીએ છીએ."

રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૬.૨૯ લાખ જેટલા નવા MSME એકમો નોંધાયા – પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના સનિષ્ઠ પ્રયાસોથી ગુજરાતઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે.

સુરત અને અમદાવાદ જિલ્લાઓનો દેશભરમાં સૌથી વધુ ઉદ્યમ નોંધણી ધરાવતા પ્રમુખ ૧૦ જિલ્લાઓમાં સમાવેશ

- **ગુજરાતમાં અત્યારસુધીમાં ૬૯.૬૩ લાખ MSME એકમોની નોંધણી થઇ**
- **જેમાં ૧૮.૭૩ લાખ સૂક્ષ્મ, ૮૧.૫૦ હજાર લઘુ તથા ૮,૪૪૮ મધ્યમ ઉદ્યોગો**

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામેં મળેલીકેબિનેટ સદર્ભે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની ગણના સમગ્ર દેશમાંપોલીસી ડ્રિવન રાજ્ય તરીકે થાય છે. રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના સુનિષ્ઠ પ્રયાસોથી ગુજરાતઔદ્યોગિક વિકાસમાંહરણફાળ ભરીરહ્યું છે. છેલ્લા ઘણાંય સમયથી રાજ્યમાં MSME ઉદ્યોગ ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ થયો છે. આજે રાજ્યમાં સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યોગમાં પણ લોકો જોડાઈ રહ્યાં છે. વધુ વિગતો આપતા મંત્રી શ્રી એ કહ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાતમાં ૬,૨૯,૧૦૩ નવા MSME એકમોનોંધયેલા છે. તા. ૨૫/૦૭/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતમાં 19,63,050 MSME એકમોની નોંધણી થયેલ છે. જેમાં ૧૮,૭૩,૦૨૯ સૂક્ષ્મ, ૮૧,૫૦૩ લઘુ તથા ૮,૪૪૮ મધ્યમ ઉદ્યોગોને નોંધાયેલા છે. "ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં" અગ્ર હરોળમાં ગુજરાત સ્થાન ધરાવતું હોવાથી રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં MSME ઉદ્યોગની નોંધણી થઈ છે તદઉપરાંત રાજ્યમા IFP portal પર સિંગલ વિન્ડો કલીયરન્સ સિસ્ટમ દ્વારા વિવિધ વિભાગોની એકજ જ ગ્યાએથીઝડપી મંજૂરીઓ મળે છે. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમ.એસ.એમ.ઈ. યોજના અને બીજી ઔદ્યોગિક નીતિઓ દ્વારા ગુજરાત સરકાર એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય, કેપીટલ સહાય, સી.જી.ટી.એમએસઈ સહાય (જામીનગીરી મુકત લોન), જેવી વિવિધ નાણાકીય સહાયનો લાભ આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં લો અને ઓર્ડરની સારી સ્થિતિ, સરળ લેન્ડ રૂલ્સ અને સિંગલ વિન્ડો કલીયરન્સ દ્વારા ઝડપી મંજૂરી પ્રક્રિયાઓ, ગુજરાત રાજ્યમા CTEP , GIDC , રોડ, પોર્ટ જેવી સારી ઈન્ફ્રાસ્ટ્રકચર ની ઉપલબ્ધતાના કારણેપણ આટલીમોટી સંખ્યામા નોંધણીમાટે જવાબદાર કારણોછે. છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલા એમએસએમઈ મઠી એકમો ૧૯,૬૩,૦૫૦ની સામે ૪૮૬૧ એકમોજ રદ થયા છે. જે નોંધાયેલ એકમોના માત્ર ૦.૨૪%એકમોછે. રજીસ્ટ્રેશનનું ડુપ્લિકેશન થવાથી નવુ ઉદ્યમ મેળવવા જૂના ઉદ્યમને રદ કરવામાં આવે છે .એક મની માલિકીમાં ફરફાર થવાથી , એકમનાં બેંધારણમાંફેરફાર જેવા કે, પ્રોપ્રાઈટરશીપમાથીભાગીદારી પેઢી, ભાગીદારી પેઢીમાથી પ્રાઈવેટ લિમિટેડ કંપની વગેરે અને એમએસએમઈ એકમોમાંથી લાર્જ એકમોમાં રૂપાતર થવાથી જૂના ઉદ્યમને રદ કરવામાં આવ્યા હોવાનું કારણ છે તેમ મંત્રી શ્રી એ ઉમેર્યું હતુ.

ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત ની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં દિવ્ય ભાસ્કર દ્વારા MSME કોકલેવ અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

મંત્રીશ્રીના હસ્તે ૫૬ જેટલા ઉદ્યોગસાહસિકોને એવોર્ડ એનાયત કરાયા

મોટી સંખ્યામાં સફળ ઉદ્યોગકારો રહ્યા ઉપસ્થિત

ઉદ્યોગની સ્થાપના કે વિકાસ માટે જરૂરી નાણાકીય સહાય માટે લોન મેળવવાની પ્રક્રિયા પણ ઘણી સરળ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં MSME કોકલેવ અને એવોર્ડ વિતરણ ૨૦૨૪ સમારોહ યોજાયો હતો જે માં રાજ્ય ના વિવિધ શહેરો માંથી આશરે ૩૦૦ જેટલા ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે ૫૬ જેટલા ઉદ્યોગસાહસિકોને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ એવોર્ડ એનાયત કર વામાં આવ્યા હતો. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે ટીમ દિવ્યભાસ્કરને અભિનંદન આપતા જણાવ્યું કે, આ પ્રકારના કોકલેવ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરી પીઠબળ પૂરું પાડે છે .મંત્રીશ્રીએ વધુ જણાવ્યું હતુ કે, ભૂતકાળમાં કોઈપણ માણસને નવો ધંધો શરૂ કરવું હોય તો અનેક પ્રકાર ની લાયસન્સની જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડતું પરંતુ કેન્દ્ર અને રાજ્યની સરકારના ઈઝ ઓફ ડુઈંગ ની નીતિઓના અમલીકરણ ના કારણે હવે ગુજરાતમાં ઉદ્યોગ ધંધા અનેવ્યાપાર શરૂ કરવા તેમજ આગળ વધારવા સરળ બન્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે,હાલ દેશમાં ઉદ્યોગો માટે એટલું હકારાત્મક વાતાવરણ છે કે, નવો ઉદ્યોગ શરૂ કરવાનો વિચાર (આઈડિયા) આવે અનેત્યાંથીનિકસ (એકસપર્ટ) કરે ત્યાં સુધીની માહિતી, સુવિધા, માર્ગદર્શન અને સબસિડી અથવા સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગની સ્થાપના કે વિકાસ માટે જરૂરી નાણાકીય સહાય માટે લોન મેળવવાની પ્રક્રિયા પણ ઘણી સરળ અને જામીનગીરી વગર કરવામાં આવી છે. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, આજે ગુજરાત દેશમાંરોજગાર ક્ષેત્રે અગ્રેસર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ને તૃત્વમાં આગામી સમયમાં ભારત દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાંત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે તેમ જણાવ્યું હતું. અને મંત્રીશ્રીએ સૌ ઉદ્યોગસાહસિકોને દિવ્ય ભાસ્કરના મંચ પરથીઆહ્વાન કર્યું કે, આગામી સમય ભારતીય યુવાનોનો છે અને આ સમય ગાળાનો સદુપયોગ કરી રાજ્ય અને દેશને કેવીરીતે આગળ વધારી શકાય તેમાટે પૂરી ઊર્જા અને ખંતથી સૌએ કામ કરવું જોઈએ. આપ્રસંગે ઈન્ડસ્ટ્રીઝકમિશનર શ્રી સંદીપ સાગલે, MSME ના આસી. ડાયરેક્ટર શ્રી ટી.કે. સોલંકી, એસબીआઈના જનરલ મેનેજર શ્રીવાંદશેખરજી, એસોસીએ ગુજરાત કાઉન્સિલના ચેરમેન શ્રી ચિંતન ઠક્કર, દિવ્ય ભાસ્કર ગ્રુપના શ્રી પંકજભાઈ, શ્રી દિનેશભાઈ અને મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે રવીન્દ્રનાથ ટાગોર વિશ્વવિદ્યાલય ભોપાલ દ્વારા મોરિશિયસ ખાતે આયોજિત થનાર "વિશ્વરંગ -૨૦૨૪" નાછઠ્ઠા સંસ્કરણ નું પોસ્ટર કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા રિલીઝ. આ તકે સમગ્ર ટીમને કાર્યક્રમ સફળથાય તે માટે શુભેચ્છા પાઠવી.

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે યોજાયેલા PIB ના વાર્તાલાપની સાથે સાથે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા યોજાઈ માહિતીપ્રદ પ્રદર્શની અને વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓ

કમલમ્ ન્યુઝ,આહવા

ગિરિમથક સાપુતારા ખાતે યોજાયેલા PIB ના 'વાર્તાલાપ' કાર્યક્રમની સાથે સાથેકેન્દ્રીય સંચાર બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, સુરત દ્વારા માહિતીપ્રદ પ્રદર્શનનું આયોજન પણ કરવામાંઆવ્યું હતું. ભારત સરકાર દ્વારા તાજેતરમાં ન્યાય પ્રણાલીમાંકરાયેલા સુધારા, ભારતિય ન્યાય સંહિતાના નવા કાયદાઓ સહિત કેન્દ્ર સરકારના વિવિધ અભિયાનો અને યોજનાઓની માહિતી રજૂ કરતી પ્રદર્શનિને, ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, તથા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોનાં અધિક મહાનિદેશક પ્રકાશ મગદુમ દ્વારા રીબીન કાપી ખુલ્લું કરવામાંઆવ્યું હતું. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના દક્ષિણ ગુજરાતના પ્રાદેશિક વડા એવા સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછર, દૂરદર્શનના નાયબ નિયામક શ્રી ઉત્સવ પરમાર, PIB નાં નાયબ નિયામક સુશ્રી આરોહી પટેલ, કેન્દ્રીય સંચાર બ્યૂરોનાં નાયબ નિયામક ડી.ચિરાગ ભોરણીયા, આકાશવાણીનાં નાયબ નિયામક શ્રી ભરત દેવમણી સહિત ડાંગ જિલ્લાનાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતાં.અને પ્રદર્શનને ૨ સપ્તાહ નિહાળ્યું હતું. આ કાર્યક્રમનાં ભાગરૂપે આગેલા દિવસે કન્યા સાક્ષરતા નિવાસી શાળા-સાપુતારા ખાતે 'સ્વચ્છ ભારત અભિયાન' વિષય પર ચિત્રકામ સ્પર્ધા, અને એકલપ્ય મોડેલ રેસીડેન્સીઅલ સ્કૂલમાં '૨૦૪૭માંમારા સપનાનું ભારત' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિજેતા સ્પર્ધકોને આ 'વાર્તાલાપ' કાર્યક્રમ્ દરમિયાન ઉપસ્થિત મહેમાનોનાં હસ્તે એકલવ્ય મોડેલ રેસીડેન્સીઅલ સ્કૂલમાં'૨૦૪૭માંમારા સપનાનું ભારત' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિજેતા સ્પર્ધકોને આ કાર્યક્રમમાં પ્રમાણપત્રો અસલીતરીકે લેવામાં આવે છે, જો તે સક્ષમ ઓથોરિટી દ્વારા જારી કરવામાં આવ્યું હોય. યુપીએસસીપાસે ઇદર વર્ષે ઉમેદવારો દ્વારા રજૂકરવામાં આવતા હજારો પ્રમાણપત્રોની સચોટતા તપાસવાનો આદેશ પણ નથી અને ન તો કોઈ સાધન છે. જો કે, તે સમજી શકાય છે કે અધિકારીઓ દ્વારા કામગીરી સાથેના આદેશ સાથે પ્રમાણપત્રોની ચકાસણી અને ચકાસણી હાથ ધરવામાં આવે છે. સફળ બનાવવા કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરતના ક્ષેત્રિય પ્રચાર અધિકારી શ્રી ઈન્દ્રવદન સિંહ ઝાલા, રોશન પટેલ અને અમૃતભાઈ સોનેરીએ જહેમત ઉઠાવી હતી. ટુંકા ગાળામાં પ્રદર્શન તૈયારકરાયું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At : -Capital Offset 801/1, G.i.d.c., Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028